પ્રથમ ઉચ્ચતર પગાર  ધોરણ મંજુર કરવા બાબત (શ્રી મણિબેન એમ. સોલંકી, નિવૃત્ત બાળ વિકાસ યોજના અધિકારી)

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૫૮૭/બ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૧/૦૫/૨૦૧૯

<u>વંચાણે લીધા:</u>

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન અંકી હુકમ, તા.૧૩/૦૭/૨૦૧૮
2. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૦૮/૧૯૯૪
3. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક્મ: પગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૦૮/૧૯૯૮

આમુખ (૧) થી શ્રી મણિબેન સોલંકીને નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી (પાત્રતા તારીખ) એટલે કે તા. ૨૪/૦૪/૧૯૯૧ ના રોજથી આમુખ (૨) ની અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦ ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હતું.

વાસ્તવમાં શ્રી મણિબેન સોલંકીની જિલ્લા વિકાસ અધિકારીશ્રીના તા૩૧/૦૭/૧૯૭૨ ના હુકમથી મુખ્યસેવિકા તરીકે નિમણૂક થયેલ હતી. ત્યારબાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણની તા.૧૯/૦૪/૧૯૮૨ ની અધિસૂચનાથી શ્રી સોલંકીની બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨) ની જગ્યા પર આકસ્મિક અને એડહોક નિમણૂક કરવામાં આવી હતી. આ.પ.ક.વિ.ની તા.૦૫/૦૯/૧૯૯૮ અને તા. ૨૪/૦૭/૨૦૦૨ ની અધિસૂચનાથી શ્રી સોલંકીની બાળ વિકાસ યોજના અધિકારી તરીકેની આકસ્મિક તેમજ એડહોક  નિમણૂકને મૂળ તારીખથી એટલે કે ૨૩/૪/૧૯૮૨ થી નિયમિત ગણેલ છે. એટકે કે શ્રી મણિબેન એમ. સોલંકી તા.૨૩/૪/૧૯૮૨ થી બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨) માં નિયમિત નિમણૂક પામેલ છે.

આમ, આમુખ (૧) થી મળેલ રૂ. ૧૬૪૦-૨૯૦૦ ના પગાર ધોરણમાં ૨૪/૦૪/૧૯૯૧ થી મળેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રદ કરવાપાત્ર થાય કારણ કે શ્રી મણિબેન સોલંકી તા.૨૩/૪૧૯૮૨ થી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ના સંવર્ગમાં રૂ. ૨૦૦૦-૩૫૦૦ નું પગાર ધોરણ મેળવતા હતા. આથી આમુખ (૧) રદ કરવા પાત્ર થાય.

નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવ મુજબ શ્રી મણિબેન સોલંકી, સીડીપીઓ (વર્ગ-૨) ને પ્રોગ્રામ અધિકારી (વર્ગ-૧) ની કક્ષાનું રૂ.૨૨૦૦-૪૦૦૦ ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય.

નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ ના નિયમ ૩(૪) પ્રમાણે, *"આ યોજના હેઠળ મળવાપાત્ર ઉચામાં ઉચુ પગારધોરણ રૂ.૨૫૦૦-૪૨૦૦ ના પગાર ધોરણથી વધશે નહિ. આ પગાર ધોરણ રૂ. ૨૦૦૦-૩૫૦૦ ના પગાર ધોરણવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર ધોરણ રૂ.૨૫૦૦-૪૨૦૦ કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે. બઢતીની જગ્યાનું પગાર ધોરણ રૂ.૨૨૦૦-૪૨૦૦ અથવા રૂ.૨૨૦૦-૪૦૦૦ નું હોય તો ઉચ્ચતર પગાર ધોરણ યથાપ્રસંગ રૂ.૨૨૦૦-૪૨૦૦ અથવા રૂ.૨૨૦૦-૪૦૦૦ રહેશે."*

સીડીપીઓ (વર્ગ-૨)ની બઢતી વાળી જગ્યા પ્રોગ્રામ અધિકારી (વર્ગ-૧) નું પગાર ધોરણનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ. ૨૨૦૦-૪૦૦૦ મળવાપાત્ર થાય. ઉપરાંત આ યોજના હેઠળ મળવાપાત્ર ઉચામાં ઉચુ પગારધોરણ રૂ.૨૫૦૦-૪૨૦૦ હોવાથી શ્રી મણિબેન સોલંકીને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે નહિ.

હુકમ:

(૧) આમુખ (૧) માં દર્શાવેલ મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૩/૭/૨૦૧૮ નો સમાનઅંકી હુકમ આથી રદ કરવામાં આવે છે.

(૨) શ્રી મણિબેન એમ સોલંકીની નિમણૂક તારીખ ૨૩/૪/૧૯૮૨ હતી. એમને ૨૨/૪/૧૯૯૧ ના રોજ ૯ (નવ) વર્ષ પૂર્ણ થયેલ છે. આશી તેઓને તા. ૨૩/૪/૧૯૯૧ ના રોજ પ્રોગ્રામ અધિકારી (વર્ગ-૧) નું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ. ૨૨૦૦-૪૦૦૦ નું પગાર ધોરણ નીચેની શરતોએ મંજુર કરવામાં આવે છે:

<u>શરતો:</u>

1. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચતર પગાર બાંધણી કરવાની રહેશે.
2. નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ મુજબના જરૂરી બાહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધિન રહેશે.
3. શ્રીમતી મણિબેન સોલંકી, નિવૃત્ત બાળ વિકાસ યોજના અધિકારીએ બિન પગારી રજાઓ ભોગવેલ હોય તો તેઓની રજાઓ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની તારીખમાંથી બાદ કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રી, મ. અને બા.વિ.વિ.ની તા. ૧૮/૫/૨૦૧૯ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

AKchristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધાનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધાનગર – (મણિબેન એમ. સોલંકી, નિવૃત્ત સીડીપીઓની અસલ સેવાપોથી આ સાથે સામેલ છે.)
3. સેક્શન અધિકારીશ્રી, મ-શાખા, નાણા વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

4. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭- ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
5. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. તિજોરી અધિકારીશ્રી, ડાંગ.
8. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ડાંગ. (દિન ૧૦ માં પ્રથમ ઉ.પ.ધો.નો લાભ અને પેન્શન રીવાઈઝ કરી વિભાગને સત્વરે જાણ કરવાની રહેશે.)
9. શ્રી મણિબેન એમ. સોલંકી, નિવૃત્ત બાળ વિકાસ યોજના અધિકારી, જહાંગીર ટોકીઝ સામે, સ્ટેશન રોડ, બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી.